# માહાત્મ્ય દર્શન – પ.પૂ. મહેન્દ્ર બાપુ

| | | |
|---|---|---|
| પૂરું નામ | : | મહેન્દ્રભાઈ કાંતિલાલ શાહ |
| પ્રચલિત નામ | : | મહેન્દ્ર બાપુ |
| જન્મતારીખ | : | ૧૯ મે, ૧૯૪૫ |
| પિતા | : | પ.ભ. કાંતિલાલ તારાચંદ શાહ (અ.નિ.) |
| માતા | : | પ.ભ. સવિતાબેન કાંતિલાલ શાહ (અ.નિ.) |
| નાના ભાઈ | : | પ.ભ. ભૂપેન્દ્રભાઈ |
| | | પૂ. અરુણભાઈ (વ્રતધારી સાધક – તારદેવ મંદિર, મુંબઈ) |
| નાના બહેન | : | પૂ. ભારતીબેન (વ્રતધારી સાધિકા – ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર) |
| | | પ. યોગિનીબેન (વ્રતધારી સાધિકા – પવઈ મંદિર, મુંબઈ) |

પ્રત્યક્ષની અનન્ય, સર્વોપરી નિષ્ઠા, કુશાગ્ર બુદ્ધિ અને બુદ્ધિમત્તા સાથે જવલ્લેજ જોવા મળે એવો સત્પુરૂષમાં અપ્રતિમ વિશ્વાસ અને દિલની વિશાળતાનો સમન્વય, અત્યંત ઉત્કટ અભીપ્સા, નિશાન તરફની સદૈવ જાગૃતતા, સતત કડક આત્મનિરીક્ષણ અને પરીક્ષણ, માહાત્મ્યે સહિતની નિર્દોષબુદ્ધિ, દરેક ગુણાતીત સત્પુરૂષ સાથે આગવો અને વિશિષ્ટ ભક્તિભાવનો સંબંધ, એકાંતિક ભગવદીઓ સાથે એવું જ માહાત્મ્ય સભર સખ્ય, સાથીદારો પ્રત્યે સંબંધના માહાત્મ્યનો ભાતૃભાવ અને સેવકો પ્રત્યેનું ઔદાર્યભર્યું વાત્સલ્ય. આવા અનેક જવલંત ગુણોના એક સાથેએક જ વ્યક્તિમાં દર્શન કરવાં હોય તો બેશક આપણા સહુના લાડીલા વડીલ ભગવદી મુક્તરાજ પૂ. મહેન્દ્રબાપુમાં થાય.

આમ તો ગળથૂથીમાં જ સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્કાર પામ્યા હતા. પરંતુ વિશેષ સક્રિય બન્યા કોલેજ કાળમાં. બ્ર.સ્વ. યોગીબાપાએ જાણે પૂર્વનો વિશિષ્ટ સંબંધ જોઈને પહેલેથી જ પોતાની નારાયણી સેના માટે એમની પસંદગી કરી લીધી હતી. તેથી પૂ. મહંતસ્વામીજી પ્રત્યે સહજ જ ખેંચાણ થયું. એમના વચને ને બાપાની પ્રસન્નતાર્થે કાંદિવલીમાં મુક્ત મંડળની પ્રવૃત્તિ શરૂ કરી ને બાપા સહજ વરસી ગયા – 'કાંદિવલીમાં ૧૨૫ કડીતોડ પરમ એકાંતિકો તૈયાર થશે.'

ધીમે ધીમે ગુરુહરિ પ.પૂ. કાકાજીના પરિચયમાં આવ્યા ને જાણે પૂર્વના સંસ્કાર જાગૃત થઈ ગયા હોય એમ કાકાજીમાં સહજ હેત થઈ ગયું. કોઈને ન નમે એવી બુદ્ધિ ને મન કાકાજીને અર્પણ થઈ ગયાં. અને એ અનન્ય ચૈતન્યશિલ્પીએ એમના ચૈતન્યના અદ્‌ભુત શિલ્પને તૈયાર કરવા માંડ્યું. એક બાજુ અત્યંત તેજ પ્રકૃતિ ને પ્રખર વિશ્લેશણાત્મક બુદ્ધિ તો બીજી બાજુ અનન્ય નિષ્ઠા ને લગભગ ઘેલછા કહી શકાય એ કક્ષાની કાકાજીને રાજી કરવાની ઉત્કટ અભીપ્સા. અંતે ઈન્દ્રિયો, અંતઃકરણ અને મન-બુદ્ધિના

એ તુમુલ યુદ્ધમાં સુરુચિનો વિજય થયો અને કાકાજીની યુવાસેનામાં જોડાયા. જન્મજાત નેતૃત્વનું કૌશલ્ય યુવા પ્રવૃત્તિમાં સેવા અર્થે વાપર્યુ અને અનેક યુવકો માટે પ્રેરણાદાયી માર્ગદર્શક બન્યા. કાકાજીના વચને ૧૯૭૮ સુધી Indabrater Co. મા Purchase Manager તરીકે સેવા આપી પણ તે દરમ્યાન પણ મુખ્ય ઉદ્દેશ તો સત્સંગ અને કાકાજીની પ્રસન્નતાનો જ રહ્યો ને છેવટે પ્રભુનું જ કાર્ય કરવા સર્જાયેલા તેથી પંચભેદમાં પણ મૂર્તિમાં રહી કાર્ય કરવાની તાલીમ પૂરી થઈ છે એમ જાણી કાકાજીએ જ નોકરી છોડાવી સંપૂર્ણપણે સત્સંગની સેવામાં જોડી દીધા. કર્મયોગ દરમ્યાન દિલ્હી અને પવઈના કેન્દ્ર માટે ધનની અઢળક સેવા કરી તો અવારનવાર દિલ્હી ને કુરુક્ષેત્ર જઈ ત્યાંના સત્સંગના વિકાસ માટે પ.પૂ. ગુરુજીને સંપૂર્ણ સાથ આપ્યો.

એમની શક્તિ અને ઉત્સાહનો સંપૂર્ણ લાભ સત્સંગ સમાજને મળે એવા આશયથી કાકાજીએ સૌ પ્રથમ ૧૯૭૭માં પૂ. રાજુભાઈ ઠક્કર સાથે ઈંગ્લેન્ડ અને અમેરિકાની વિદેશ કલ્યાણયાત્રામાં પોતાની સાથે લીધા અને એ પછી તો એમની દરેક વિદેશ કલ્યાણયાત્રામાં બાપુ અનિવાર્યપણે સાથે જ રહ્યા. કાકાજીના સંકલ્પે અને એમની મરજી અનુસાર ઈંગ્લેન્ડ, યુરોપ અને અમેરિકા વિ. અનેક દેશોમાં સત્સંગ વિકાસના કાર્યક્રમમાં અદ્ભુત યોગદાન આપ્યું ને કાકાજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી. પરિણામે પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીની પ્રથમ વિદેશ યાત્રામાં કાકાજીએ બાપુને જ અગાઉથી પૂર્વ તૈયારી માટે મોકલ્યા. સ્વામીજીમાં નિરંતર કાકાજીને જ નિહાળનાર બાપુએ પરદેશમાં સર્વત્ર સ્વામીજીનો અપરંપાર મહિમા રેલાવ્યો અને એમને માટે દરેક જગ્યાએ અગાઉથી ગોઠવણ કરી સાનુકૂળતા કરવાની અનુપમ સેવા કરી. પરિણામે કાકાજી અને સ્વામીજી બન્ને તેમની સુરુચિ, સૂઝ અને કર્તવ્યનિષ્ઠાથી રાજી થયા. ને ત્યાર પછી તો કાકાજીના વચને પરદેશમાં ને ખાસ કરીને અમેરિકા પ.પૂ. દિનકરભાઈને સત્સંગ વિકાસની જે જવાબદારી કાકાજીએ સોંપી એમાં બાપુને પણ તેમના જોડીદાર તરીકે સાથે રાખ્યા. આજે શિકાગો મંડળના યુવાનોમાં જે સત્સંગ પ્રત્યેની અતિશય રુચિ જણાય છે તેનું મુખ્ય શ્રેય પૂ. બાપુએ શરૂ કરાવેલ શુક્રવારની સભાને આભારી છે. સાથે પ.પૂ. દિનકરભાઈની સમજણ આપવાની આગવી રીત તથા પૂ. બાપુની જોરદાર કથાવાર્તા તો ખરીજ...

કાકાજીના સ્વધામગમન બાદ એમના એ જ કાર્યને પોતાનો જીવનમંત્ર બનાવી બાપુ છેલ્લા ૧૪ વર્ષથી ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, નેદરલેન્ડ, સ્પેન, અમેરિકા વિગેરે અનેક દેશોમાં વર્ષમાં લગભગ ૬ મહિના જેટલું અથાગ વિચરણ કરે છે. ને પોતાની આગવી રમૂજી ને હળવી શૈલી તથા સાથોસાથ આગવી સૂઝભરી વાતોથી અનેક કુટુંબોમાં તેમણે કાકાશ્રી તથા સર્વે ગુણાતીત સ્વરૂપોનો અદ્ભુત મહિમા રેડ્યો છે. વળી એ સર્વે કુટુંબોના લૌકિક પ્રશ્નોમાં પણ તેમને માર્ગદર્શન આપી પોતે સેવા કરી એવા તો રસબસ બન્યા છે કે વિદેશમાં પણ તેમની અનન્ય સેવાના ફળસ્વરૂપે અનેક નિષ્ઠાવાન કુટુંબો તૈયાર થયા છે. એવી જ રીતે ભારત પધારે ત્યારે પણ મુંબઈ, પવઈ, વાપી, ચીખલી, બિલિમોરા વલસાડ વિગેરે સ્થાનોમાં અવિરત વિચરણ કરી સહુને સત્સંગ અને માહાત્મ્યેયુક્ત ભક્તિનો અનુપમ લાભ આપી, સૌની ગુરુભક્તિની મશાલને પ્રજ્વલિત રાખી રહ્યા છે ને તેથી જ કેટલાય મુક્તો હમેશા તેમના સાનિધ્યને ઝંખે છે.

વળી સત્સંગીઓના નાનાં ભૂલકાંઓને પણ તેમની રીતે અવાર નવાર નાની મોટી ભેટ આપી તેમના દિલ જીતી તેમને સત્સંગાભિમુખ કરવાની તેમની કળા બેનમૂન છે. સાથોસાથ તે સર્વે અભ્યાસ અને ચારિત્ર્યમાં પણ જરાય ઊણા ન ઊતરે એનું ખાસ ધ્યાન પોતે રાખે છે ને રખાવે છે. આમ ઘણા બાળકો માટે તેઓ જાણે તેમના જ કુટુંબના એક માવતર સમાન વડીલ છે.

તારદેવના સાધક ભાઈઓ પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ તથા પૂ. અરુણભાઈને સાધક જીવનની પ્રેરણા આપી, કાકાજીને ચરણે ધરી, તેમના જીવનમાં બાપુએ ખૂબ અનન્ય યોગદાન આપ્યું છે. તો એવા બીજાય ઘણા ગૃહસ્થો કુટુંબોમાં સત્પુરુષને કેન્દ્રસ્થાને રાખી સત્સંગમય જીવન જીવવાની આગવી સૂઝ પણ તેઓએ અર્પી છે.

ગુરુહરિ કાકાજીના દિવ્ય માનસપુત્ર સમાન તથા સર્વે ગુણાતીત પુરૂષોના પરમ લાડીલા અને સમગ્ર સત્સંગ સમાજના આ સદાબહાર, તનથી ને પ્રતિભાથી પડછંદ એવા આપણા સહુના વ્હાલા બાપુને તા. ૧૯મી મેએ એમના ૫૭માં પ્રાગટ્યદિને શત શત અભિનંદન પાઠવીએ અને એમના જેવી નિષ્ઠા, સત્પુરુષ સાથે અંતરાય રહિતનો નિષ્કપટ, નિખાલસ સંબંધ, માહાત્મ્ય, ખંત, સેવાની ધગશ ને સુરુચિ યત્કિંચિત્ આપણા સૌમાં પ્રગટે એવી એમને ચરણે પ્રાર્થના કરીએ.